# ભિલોડામાં જન્માષ્ટમીના પાવન પર્વ નિમિત્તે શોભાયાત્રા



ભિલોડા,તા.૨૭

ભિલોડામાં લોકનાયક ભગવાન શ્રી કૃષ્ણ જન્મોત્સવના પાવન પર્વ જન્માષ્ટમીની આનંદ ઉત્સાહભેર ભક્તિભાવપુર્વક ભવ્યાતિભવ્ય ઉજવણી દરમ્યાન મહાપર્વ નિમિત્તે શ્રી કૃષ્ણ ભગવાનની શોભાયાત્રા વાજતે-ગાજતે કાઢવામાં આવી હતી. શ્રી કૃષ્ણ ભગવાનની શોભાયાત્રાનું પ્રસ્થાન અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્રભાઈ પારઘી, ભિલોડા ધારાસભ્ય ડાં. અનિલભાઈ જોષીયારા, ભિલોડા તાલુકા પંચાયત અધ્યક્ષ મુકેશભાઈ પટેલ, ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ મનોજભાઈ પટેલ,મુકેશભાઈ મહેતા,ભિલોડા જન્મોત્સવ સમિતી અધ્યક્ષ મનિષભાઈ પટેલ, હરીઓમભાઈ પંડ્યા, બિપીનભાઈ ભોઈ, સંજયભાઈ પટેલ, હેમંતભાઈ ગામેતી સહિત સેવાભાવી કાર્યકરોએ રથનું પ્રસ્થાન કરાવ્યું હતું.

જન્માષ્ટમીના પાવન પર્વ નિમિત્તે શ્રી કૃષ્ણ ભગવાનના મંદીરોમાં રાત્રે ભજનો, ધુન, લોકડાયરાની રમઝટ ભક્તોએ બોલાવી હતી.જન્માષ્ટમીના પર્વ નિમિત્તે ભિલોડાનગરમાં શ્રી લક્ષ્મીનારાયણ મંદીર ખાતે જન્માષ્ટમીના પર્વની દબદબાભેર ઉજવણી યોજાઈ હતી. મટકીઓ બાધવામાં આવી હતી. ઠેર-ઠેર ઉંચા-ઉંચા માનવ પીરામીડો બનાવી મટકીઓ ફોડવાના ભવ્ય કાર્યક્રમો ભિલોડા જન્મોત્સવ સમિતી અને નવયુવાનો ધ્વારા યોજાયા હતા. ભિલોડામાં શ્રી લક્ષ્મીનારાયણ મંદીર-ચોકલી ચોકથી શ્રી કૃષ્ણ ભગવાનની શોભાયાત્રા કાઢવામાં આવી હતી. બેન્ડવાજાની સાથે-સાથે સંગીતની શુરાવલી વચ્ચે વાજતે-ગાજતે શોભાયાત્રા ભિલોડાના વિવિધ માર્ગો ઉપર ફરી નીજ મંદીરે શોભાયાત્રા પરત ફરી હતી. શોભાયાત્રામાં અબીલ-ગુલાલ, કંકુની છોળો ઉડતી હતી.ભાવિક ભક્તો ભક્તિના રંગમાં રંગાઈ ગયા હતા.નંદ ઘેર આનંદ ભયો... જય કનૈયાલાલ કી... હાથી ઘોડા પાલકી... જય રણછોડ જય માખણચોર... ના જયઘોષના નારાઓથી ભિલોડાનગર ગુંજી ઉઠ્યું હતું. ભિલોડાવાસીઓ કૃષ્ણઘેલા બની ગયા હતા. ભિલોડા જન્મોત્સવ સમિતીના કાર્યકરો, ગ્રામજનોએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. ભિલોડા સહિત મઉં, મુનાઈ, કિશનગઢ, વાંકાનેર, વિજયનગર તેમજ સુપ્રસિધ્ધ યાત્રાધામ શામળાજીમાં જન્માષ્ટમીના પાવન પર્વની ભવ્યાતિભવ્ય ઉજવણી યોજાઈ હતી. શ્રી કૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે શોભાયાત્રા દરમ્યાન ભાવિક ભક્તોને રામઅવતાર શર્માએ શરબતનું વિતરણ કર્યું હતું.

## ચિઠોડામાં જમાઈને ઘર બનાવી આપવા બાબતે ઝઘડો થતાં ચાર વિરૂધ્ધ ફરિયાદ

હિંમતનગર, તા.૨૭

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના ચિઠોડા ગામે ગત તા.૨૩ ઓગષ્ટે કલ્પેશભાઈ અમૃતભાઈ ભગોરા દ્વારા તેમના જમાઈને ઘર બનાવી ન આપતા ભિલોડા તાલુકાના સુંદરપુર ગામના સવજીભાઈ ભાણાજી ખરાડી, બોદર

આભાર - નિહારીકા રવિયા ફતાજી, લાલજીભાઈ તરાળ તથા ઈંદુબેન કનૈયાલાલ બોદરે ભેગા મળી અમૃતભાઈને કહ્યું હતું કે અમારા જમાઈને કેમ ઘર બનાવી આપતા નથી તેમ કહી ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપતા કલ્પેશભાઈ ભગોરાએ ચારેય જણા વિરૂધ્ધ ચિઠોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## રણાસણ રોડ પર બોલેરોએ ટક્કર મારતા એકનું મોત

હિંમતનગર, તા.૨૭

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના ગાંભોઈ-રણાસણ જતા રોડ પરથી પસાર થઈ રહેલ ટ્રેલર નં.જીજે. ૧૨. એવાય. ૯૨૨૮ના ચાલકે તા.૨૩ ઓગષ્ટે ગફલત ભરી રીતે ડ્રાઈવીંગ કરી બોલેરોને ટક્કર મારી હતી. જેથી સાઈડમાં ઉભેલ મહેન્દ્રસિંહ વજેસિંહ સોલંકીને ગંભીર ઈજા થતાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજયુ હતું. જે અંગે હિંમતનગર તાલુકાના મહાદેવપુરા (કેવન) ના નવલસિંહ કાળુસિંહ રાઠોડે ટ્રેલર ચાલક વિરૂધ્ધ ગુરૂવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## પ્રાંતિજ ખાતે પાટીદાર આંદોલનના શહિદોનો શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો



પ્રાંતિજ, તા.૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પાટીદાર સમાજ દ્વારા પાટીદાર અનામત આંદોલન માં મૃત્યુ પામેલા ૧૪ યુવકો ને એક વર્ષ પૂર્ણ થતાશ્રધ્ધાંજલિ જલી કાર્યક્રમ યોજાયો હતો જેમાં પ્રાંતિજ ખાતે રહેતા પાટીદારો સહિત તાલુકામાંથી પાટીદાર સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને મૃતક યુવાનો ને શ્રધ્ધાંજલી આપી હતી.

પ્રાંતિજ નાની ભાગોળ પટેલ સમાજ ની વાડી ખાતે પ્રાંતિજ તથા તાલુકા માં રહેતા પાટીદાર સમાજ દ્વારા જય સરદાર જય પાટીદાર ના નારા સાથે પટેલ સમાજ ના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં અને એક વર્ષ અગાઉ પાટીદાર આંદોલન દરમ્યાન મૃત્યુ પામેલા ૧૪ યુવકો ને ઉપસ્થિત પાટીદાર સમાજના ભાઈ -બહેનો દ્વારા મીણ બત્તી સળગાવી શ્રધ્ધાંજલી આપી હતી અને આજના દિવસ ને પાટીદાર સમાજ દ્વારા શહિદ દીન તરીકે મનાવ્યો હતો .જયારે પ્રાંતિજ ખાતે નવ દિવસ પહેલાં જ સાબરમતી નદીમાં ન્હાવા પડેલ છ યુવાનો ડુબી ગયાં હતાં અને પાટીદાર આંદોલન વખતે મૃત્યુ મામેલા ૧૪ મૃતકોને બે મીનીટ નું મૌન પાડીને શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી જયારે ન્યાય નહીં મળે ત્યાં સુધી આંદોલન ચાલું રાખવા માં આવશે તેવું પ્રાંતિજ તાલુકા આંદોલન કન્વીનર અનીલ પટેલ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

# પ્રાંતિજના ધડકણ પાસેથી દારૂ ભરેલ જીપ ઝડપાઈ

### જીપ ચાલક રાજસ્થાનથી વિદેશી દારૂ ભરી અમદાવાદ તરફ જઈ રહ્યો હતો : જીપ સાથે કુલ ત્રણ લાખ ચાર હજાર ચારસોનો મુદ્દામાલ ઝબ્બે

પ્રાંતિજ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે આઠ પ્રાંતિજ ના મજરા ધડકણ પાસે અગાઉ બાતમી ના આધારે દારૂ ભરેલ જીપ પ્રસાર થવાની પ્રાંતિજ પોલીસ ને બાતમી મળી જતાં પોલિસે વોચ ગોઠવી હતી .અને જીપ નો પીછો કરતા પોલિસ ને જોઈ ને જીપ ચાલક મજરા ધડકણ પાસે જીપ છોડી ભાંગી ગયો હતો .

પ્રાંતિજ પોલિસ સ્ટેશન ઉપર થી મળતી માહિતી મુજબ પ્રાંતિજ ના મજરા- ધડકણ પાસે પ્રાંતિજ પોલિસ દ્વારા અગાઉ બાતમી ના આધારે વોચ ગોઠવતા ત્યાથી વિદેશી દારૂ ભરેલ જીપ નંબર પ્નર૨૪છ ૨૪૫૯ પ્રસાર થતાં પોલિસ પીછો કર્યો હતો અને જીપ ચાલક દ્વારા પોલીસ ને જોઈજતા તેણે ધડકણ સાઈડે જીપ વાળી હતી અને ત્યાં પાસે આવેલ નાળિયામાં જીપ મુકી ને ભાગી ગયો હતો. જયારે પોલિસે જીપમાં તપાસ કરતા વિદેશી કંપની નો દારૂ જુદી જુદી કંપની નો સહિત બિયર ટીન મળી આવ્યો હતો જેમાં રોયલ ચેલેન્જ ૯૬ બોટલ એક બોટલ ની કિંમત ૬૦૦ કુલ- ૫૭૬૦૦ , સેવન સેસ એકસ્ટ્રા ડ્રાયજીનની ૬૦ બોટલ એકની કિંમત- ૩૦૦ કુલ- ૧૮૦૦૦ અને હેર્વડ ૫૦૦૦ ટીન ૧૮૮ એકની કિંમત- ૧૦૦ કુલ- ૨૮૮૦૦ કુલ વિદેશી દારૂ કિંમત ૧૦૪,૪૦૦ ગાડીની કિંમત ૨લાખ મળી કુલ - ૩૦૪,૪૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી આગળ ની કાર્યવાહી હાથધરી છે.



## પ્રેસ કલબ ઓફ ડીસા દ્વારા નાયબ કલેક્ટરને આવેદનપત્ર



ડીસા, તા.૨૭

ગુજરાતમાં ગુનાખોરીના ઉંચકાતા જતાં ગ્રાફ વચ્ચે પત્રકારોની સલામતી પણ જોખમાઈ રહી છે. આવી સ્થિતિમાં તાજેતરમાં જ સૌરાષ્ટ્રના જુનાગઢ ખાતે ફરજરત પત્રકાર અને જયદિંહ દૈનિકના બ્યુરો ચીફ કિશોરભાઈ દવેની તાજેતરમાંજ ઘાતકી હત્યા કરાતાં પત્રકાર આલમમાં રોષની લાગણી ફેલાઈ ગઈ છે અને આ ઘટનાનો વિવિધ સ્થળે વિરોધ થઈ રહ્યો છે. ત્યારે પ્રેસ કલબ ઓફ ડીસાએ પણ ગતરોજ ડીસાના નાયબ કલેક્ટરને આવેદનપત્ર સુપ્રત કરી આ બનાવ સામે વિરોધ નોંધાવ્યો હતો.

પત્રકારની હત્યાના વિરોધમાં પ્રેસ કલબ ઓફ ડીસાના પ્રમુખ નીતિનભાઈ પટેલ, મહામંત્રી હિતેશભાઈ રાજપુત અને ઉપપ્રમુખ હરેશભાઈ ઠાકોરના નેતૃત્વ હેઠળ પ્રેસ કલબ ઓફ ડીસાના સભ્યોએ પહોંચી જઈ હત્યારાઓને દાખલારૂપ સજા કરવા તેમજ ફિલ્ડમાં કામ કરતા પત્રકારોને પુરતું સુરક્ષા કવચ પુરૂ પાડવાની માંગણી કરતું આવેદનપત્ર ડીસાના નાયબ કલેક્ટરને સુપ્રત કર્યું હતું.

## પાલનપુરના ખાનગી તબીબની બેદરકારીથી પ્રસુતા અને નવજાત બાળકનું મોત નીપજ્યું હોવાની રાવ

પાલનપુર, તા.૨૭

પાલનપુરના એક ખાનગી તબીબની હોસ્પિટલમાં પ્રસૂતા અને તેના નવજાત બાળકનું મોત નીપજ્યું હતું, જોકે, તબીબની બેદરકારીને કારણે પ્રસૂતાનું મોત નીપજ્યું હોવાના આક્ષેપો વચ્ચે તેના પરિવારજનોએ મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કરી દેતા મામલો વધુ ગરમાયો છે.



પાલનપુર તાલુકાના વાસણી ગામની ૨૬ વર્ષીય હીનાબેન ઠાકોર નામની મહિલાને પાલનપુરની મીતા હોસ્પિટલમાં ડીલેવરી અર્થે દાખલ કરાઈ હતી. જોકે, સિઝેરિયન દરમિયાન નવજાત બાળકનું મોત નીપજ્યુંહતું, જયારે પ્રસુતાની હાલત વધુ કથળતા તબીબે હાથ અધ્ધર કરી દીધા હતા. અને તેને વધુ સારવાર અર્થે મહેસાણા રીફર કરાઈ હતી. જ્યાં લઈ જતા તેણીનું રસ્તામાં જ મોત નીપજ્યુંહતું, જોકે, પ્રસૂતાનું મોત તબીબ ડો. પી.જી.પટેલની બેદરકારીથી થયું હોવાના આક્ષેપો મૃતક મહિલાના પતિ અશોકભાઈ ઠાકોર સહીત તેના પરિવાર જનોએ કર્યા હતા.

દરમિયાન, પ્રસૂતાના પરિવારજનોએ પ્રસૂતાના મોત બદલ કસૂરવાર તબીબ સામે પોલીસ કાર્યવાહીની માંગ કરી હતી. અને જ્યાં સુધી પોતાની માંગ નહિ સંતોષાય ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો હતો.

જોકે, પોલીસે પ્રસૂતા અને તેના બાળકના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે પાલનપુર સિવિલમાં ખસેડ્યા હતા. પોલીસે હાલમાં તો અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જોકે, કસૂરવાર મનાતા તબીબ ડો.પી.જી.પટેલે મૃતક મહિલાના પરિવારજનોએ કરેલા આક્ષેપોને ફગાવી દીધા હતા.

## દિયોદર-ડીસા વિસ્તારમાં અભિવાદન સમારોહ યોજાયા



પાલનપુર, તા.૨૭

બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકાના સુરાણા, નવા, ગોદા, લુદરા, ભેંસાણા, રવેલ તથા ડીસા તાલુકાના ઘરનાળ, ભીલડી અને લાખણી તાલુકાના પેપળુ ખાતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ રાજયમંત્રીશ્રી કેશાજી ચૌહાણનો અભિવાદન અને લોકસંપર્ક કાર્યક્રમ યોજાયો હતો. આ ગામોમાં મંત્રીશ્રીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રી કેશાજી ચૌહાણે પ્રાસંગીક પ્રવચન કરતાં જણાવ્યું હતું કે આપણા લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત સમગ્ર વિશ્વમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. તેમણે કહ્યું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં દેશમાં ખુબ ઝડપથી બદલાવ આવી રહ્યો છે ત્યારે ખુબ નજીકના સમયમાં ભારત વિશ્વમાં શક્તિશાળી રાષ્ટ્ર તરીકે ઉભરી આવશે.

તેમણે જન્માષ્ટમીની શુભેચ્છા પાઠવતાં ભગવાનશ્રી કૃષ્ણને યાદ કરી કહ્યું કે ભગાવન શ્રી કૃષ્ણએ ગીતામાં કહ્યુ છે કે કર્મ કર ફળ તો મળવાનું જ છે ત્યારે આપણે જે પરસેવો પાડીને પરિશ્રમ કરીએ છીએ તેનો પ્રત્યેક પૈસો વ્યસનો પાછળ બરબાદ ન કરતાં આપણા બાળકોના શિક્ષણ પાછળ વાપરી આવનારી પેઢીને શિક્ષિત બનાવીએ જેનાથી શિક્ષિત અને સમૃધ્ધ સમાજનું નિર્માણ થશે.

મંત્રીશ્રી કેશાજી ચૌહાણ દિયોદર વિસ્તારની જનતાનો આભાર માનતાં ભાવુક બન્યા હતા અને લોકોનો હૃદયથી આભાર માન્યો હતો. તેમણે કહ્યું કે દિયોદરમાં પીવાના પાણીના પ્લાન્ટ માટે રૂ.૧૦.૫૦ કરોડનો પ્રોજેકટ મંજુર કરવામાં આવ્યો છે. તેવી જ રીતે આજુબાજુના ગામો માટે નર્મદા આધારીત પીવાના પાણીનો પ્રોજેકટ રૂ.૮ કરોડના ખર્ચે મંજુર કરવામાં આવ્યો છે. સુરાણા ખાતે મંત્રીશ્રીની સાકરતુલા કરવામાં આવી હતી.

# મોડાસામાંથી બાળાનું અપહરણ કરનાર આરોપી ઝડપાયો

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસાના બસસ્ટેન્ડ વિસ્તારમાંથી બુધવારના દિવસે ૧૨ વર્ષની સગીરાનું એક અજાણ્યા બાઈકચાલકે અપહરણ કરી ફરાર થઈ જતા બનાવના પગલે મોડાસા ટાઉન પોલીસે સીસીટીવી કુટેજના આધારે બાઈક નંબર સહિત આરોપીના ઓળખાણ કપડાના ચિન્હો સાથે તમામ પોલીસમથકોમાં વાયરલેસથી મેસેજ કરી દેતા તમામ પોલીસ સ્ટેશન એલર્ટ કરી દીધા હતા અને બાલાસીનોર વિસ્તારનો આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન બાઈક નંબર હોવાના પગલે આ વિસ્તારના તમામ પોલીસ સ્ટેશનો દ્વારા નાકાબંધી કરી દેવામાં આવી હતી.



બીજીબાજુ આ આરોપી બાલાસિનોરના પાડેવા નજીકથી બાળાને બેસાડીને લઈ જતો હતો ત્યારે લોકોને બાઈકચાલકની હરકત શંકાસ્પદ જણાતા સ્થાનિકોએ બાઈક ચાલકને આંતર્યો હતો તેમજ પાડેવા ગામની અન્ય એક બાળાનુ પણ અપહરણ કરવાની તજવીજમાં હતો ત્યારે ઝડપી પાડી ગામલોકોએ મેથીપાક આપી આરોપીને બાલાસીનોર પોલીસમથકે સોંપતા આરોપીને મોડાસા ટાઉન પોલીસે વોરન્ટના આધારે ધરપકડ કરી મોડાસા કોર્ટમાં રજુ કરતા ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કરતા મોડાસા ટાઉન પોલીસે ઓળખ પરેડ પછી અન્ય ગુન્હાઓમાં સંડોવણી અંગે સઘન તપાસ હાથ ધરી હતી.

મોડાસા ટાઉન પોલીસ ઈન્સ્પેકટર મોદીની ત્વરીત કાર્યવાહીથી બાળાને ઉઠાવવાની પેરવી કરનાર આરોપી ગોવિંદ ગીરીશભાઈ ઝાલા (રહે. દખણેશ્વર) તેની મદદગારી કરનાર ટીનીબેન ગુલાબભાઈ નાયક (રહે. પરબીયા (વનોડા) તા. ઠાસરાને પાડેવા ગામના રહીશોએ શંકાસ્પદ હિલચાલના પગલે ઝડપી પાડી અપહરણ બાળા સહિત આરોપી અને યુવતીને બાલાસિનોર પોલીસ સ્ટેશને સોંપતા મોડાસા ટાઉન પોલીસે બન્ને આરોપીઓને ટ્રાન્સફર વોરન્ટ આધારે કબ્જો મેળવી બન્ને આરોપીઓને અન્ય ગુન્હાઓમાં સંડોવણી તેમજ ગુન્હાની ગંભરતી તપાસવા નામદાર કોર્ટમાં રજૂ કરતા નામદાર કોર્ટે મહીલા આરોપી ટીનાબેનને સબજેલમાં મોકલી આપી મુખ્ય આરોપી ગોવિંદના ત્રણ દિવસના રીમાન્ડ મંજૂર કરતા મોડાસા ટાઉન પીઆઈ મોદીએ આરોપીને ઓળખ પરેડની કાર્યવાહી પૂર્ણ કરી ગુન્હામાં વરપરાયેલું બાઈક કબ્જે કર્યુ હતુ.

પીઆઈ મોદીના જણાવ્યા અનુસાર આરોપી ગોવિંદ અગાઉ પણ બાલાસિનોર વિસ્તારમાંથી બે બાળાઓનું અપહરણ કરી દુષ્કર્મ કરવાના ગુનામાં ૧૨ વર્ષ જેલની સજા ભોગવી ચૂક્યો હતો. ગુન્હાહીત માનસિકતા ધરાવતા આરોપી ગોવિંદે જેલમાંથી છુટ્યા બાદ પુનઃ ગુન્હા આચરવાની ફીરાકમાં હતો.

## માલગઢના શ્રી ભૈરવધામના મંદિરે જન્માષ્ટમીની ઉજવણી કરાઈ

ડીસા, તા. ૨૭

ડીસા તાલુકાના સૌથી મોટા માલગઢ ગામની જોધપુરીયા ઢાંણીમાં આવેલા શ્રી કાળા-ધોળા ભૈરવ ધામ મંદિર ખાતે શ્રી ભૈરવ યંગ બોયઝ ગૃપ અને સમસ્ત ગ્રામજનો દ્વારા ગુરૂવારે રાત્રે ૨૦મો શ્રીકૃષ્ણ જન્મોત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં ગુરૂવારે રાત્રે ગાયક લહેરૂદાસ વૈષ્ણવ એન્ડ પાર્ટી (રાજસ્થાન) અને વિશેષ ઝાંખી મનોજ એન્ડ રીયા પાર્ટી (દિલ્હી) એક શામ રાધે કૃષ્ણ કે નામ પર ડાયરાની રમઝટમાં મોડી રાત સુધી ભાવિક ભક્તોને ડોલાવ્યા હતા. જ્યારે શુક્રવારે સવારે ભોજન પ્રસાદનો લ્હાલો ભાવિક ભક્તોએ લીધો હતો તેમજ બપોરે વિશાળ શોભાયાત્રા શ્રી ભૈરવ ધામ મંદિરથી નીકળી ગામના મુખ્ય માર્ગો પર ફરી હતી.



અનોખી પરંપરા મુજબ, નોમના દિવસે ગોવિંદા ટોળકીઓએ નવ મટકીઓ ફોડી જય રણછોડ-માખણ ચોર અને નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકીના નાદથી સમગ્ર વાતાવરણ ગજવી મુક્યું હતું. આ પ્રસંગને સફળ બનાવવા માટે શ્રી ભૈરવ યંગ બોયઝ ગૃપ અને સમસ્ત ગ્રામજનોએ ખડેપગે રહી ભારે જહેમત ઉઠાવી હતી. શોભાયાત્રામાં ગ્રામજનો સહિત આસપાસના વિસ્તારના લોકો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.